tnkalvi.online

No. of Printed Pages : **7**

6149

Register Number

Language — Part IV — GUJARATI

Time Allowed : 3.00 Hours] [Maximum Marks : 100

સૂચના : (1) પ્રશ્ન પત્રનું મુદ્રણ સંતોષકારક છે તે તપાસી લેવું. જો કોઈ ખામી લાગે તો, ખંડ પરિનિરીક્ષકને તુરંત જાણ કરવી.

(2) લખવા માટે **ભૂરી** અથવા **કાળી** સ્યાહીનો ઉપયોગ કરવો.

ભાગ - I

(15 Marks)

યોગ્ય વિકલ્પ શોધી લખો. **15x1=15**

Answer the following questions by choosing the correct alternatives.

1. _____ ની હાજરી સુગંધ અને શીતળતા આપે છે.

(a) બહેન (b) પત્ની (c) દીકરી

2. વૈષ્ણવ ક્યારેય _____ ન બોલે.

(a) સત્ય (b) અસત્ય (c) ખરાબ

3. કાળુની પત્નીનું નામ _____ હતું.

(a) રાજુ (b) રમીલા (c) રમા

4. અંક અને અક્ષર જાણવાથી શું સમૃધ્ધ થાય.

(a) જ્ઞાન (b) વિજ્ઞાન (c) જીવન

5. હું ગુજરાતી એજ વાતથી ગજ-ગજ ફૂલે _____.

(a) હાથ (b) પગ (c) છાતી

[Turn over

TN Kalvi Online · tnkalvi.online/question-papers/class-10-gujarati-part-iv-public-may-2022 · Source: DGE TN
Share your study materials with us: tnkalvi.online/share

tnkalvi.online

6. _____ 'શિકારીને' કાવ્યના કવિ છે.

(a) કલાપી (b) રાજેન્દ્ર શાહ (c) જયંત પાઠક

7. આ કાવ્યમાં _____ નદીનો ઉલ્લેખ થયો છે.

(a) તાપી (b) નર્મદા (c) ગોદાવરી

8. ભારત દેશ ઈ.સ. _____ માં આઝાદ થયો.

(a) 1945 (b) 1947 (c) 1948

9. _____ કાગડાના રૂપમાં ગણેશજીની મદદ કરી.

(a) ગણેશજી (b) હનુમાનજી (c) શિવજી

10. તમિલ ભાષાના _____ મહાકાવ્યો છે.

(a) ત્રણ (b) ચાર (c) પાંચ

11. શ્રીનિવાસ રામાનુજનનો જન્મ _____ ગામમાં થયો હતો.

(a) ચેન્નૈ (b) ઈરોડ (c) ત્રીચી

12. છંદના મુખ્ય _____ પ્રકાર છે.

(a) ત્રણ (b) ચાર (c) બે

13. ધરતીનો વિરૂધ્ધાર્થી શબ્દ _____ થાય.

(a) આકાશ (b) પાતાળ (c) જમીન

14. જે શબ્દ સંજ્ઞાની વિશેષતા બતાવે તેને _____ કહે છે.

(a) વિશેષણ (b) સંજ્ઞા (c) સર્વનામ

15. _____ પાંડ્ય રાજાઓનુ રાજ ચિહ્ન હતું.

(a) ઘોડો (b) માછલી (c) મગર

tnkalvi.online

tnkalvi.online

ભાગ – II

(18 Marks)

વિભાગ – 1

કોઈપણ **ચાર** પ્રશ્નોના જવાબ આપો. **4x2=8**
Answer **any four** of the following questions.

16. શ્રીરામના દર્શન કરવાથી શું થાય ?

17. પક્ષીને પામવા કવિ શું કરવાનું કહે છે ?

18. કવિ કોને સૌથી ચડિયાતું ગણે છે ?

19. દરિયાની સંપતિને પ્રદૂષિત કરવાથી શું થાય ?

20. કવિ નરસિંહ મહેતાને આપણે શા માટે યાદ કરીએ છીએ ?

21. દીકરીની હાજરી આપણને શું અનુભવ કરાવે છે ?

વિભાગ – 2

કોઈપણ **પાંચ** પ્રશ્નોના જવાબ આપો. **5x2=10**
Answer **any five** of the following questions.

22. દુકાળના વખતમાં લોકોને કોણે મદદ કરી ?

23. કયા કાળને તમિલ સાહિત્યનો ગૌરવપૂર્ણ યુગ કહેવામાં આવે છે ?

24. કાવેરી નદી પર કયો ડેમ બાંધવામાં આવ્યો છે ?

25. આઝાદી સમયે ભારતમાં કુલ કેટલાં રજવાડા હતા ?

26. ધ્યાની કોની બહેન હતી ?

27. સમાનાર્થી શબ્દ લખો :
(a) વિવાહ
(b) ભૂકંપ

28. શ્રીનિવાસ રામાનુજને સૌ પ્રથમ પોતાના સિધ્ધાંતો કયા પ્રોફેસરને બતાવ્યા?

[Turn over

TN Kalvi Online · tnkalvi.online/question-papers/class-10-gujarati-part-iv-public-may-2022 · Source: DGE TN
Share your study materials with us: tnkalvi.online/share

tnkalvi.online

ભાગ - **III**

(18 Marks)

વિભાગ - **1**

કોઈપણ **બે** પ્રશ્નોના જવાબ આપો. **2x3=6**

Answer **any two** of the following questions.

29. સરદાર પટેલનું સ્ટેચ્યું બનાવવાનો મૂળ વિચાર કોનો હતો ? તે કયા ગામમાં આવેલું છે ?

30. કાવેરી નદીનું ઉદ્ગમ સ્થાન ક્યાં છે ? તેને શું કહે છે ?

31. કવિ સ્નેહનું ઝરણું કોને કહે છે ? શા માટે ?

વિભાગ - **2**

કોઈપણ બે પ્રશ્નોના જવાબ આપો. સવાલ નં. **34** ફરજીયાત છે. **2x3=6**

Answer **any two** of the following questions. Question No. **34** is **Compulsory**.

32. ધ્યાનિ તેના ભાઈનું કેવી રીતે ધ્યાન રાખતી હતી ?

33. કાળુ અને રાજુ ભૂંડામાં ભૂંડી બાબત કોને કહે છે ? આ પાઠના મુખ્ય પાત્રોના નામ આપો.

34. (a) મંદિરના મધ્યભાગમાં કોની મૂર્તિ સ્થાપિત કરવામાં આવી છે ? મંદિરના પવિત્ર સરોવરનું નામ શું છે ?

અથવા

(b) સંઘકાળમાં ભયંકર શું થયું ?

TN Kalvi Online · tnkalvi.online/question-papers/class-10-gujarati-part-iv-public-may-2022 · Source: DGE TN
Share your study materials with us: tnkalvi.online/share

tnkalvi.online

વિભાગ – 3

કોઈપણ **બે** પ્રશ્નોના જવાબ આપો. **2x3=6**

Answer **any two** of the following questions.

35. ક્રિયા વિશેષણ કોને કહેવાય ?

36. નીચે આપેલ વાક્યોમાં વિશેષણ નીચે રેખાં દોરો.

(a) રાધા સુંદર છોકરી છે.

(b) ચેન્નૈ મોટું શહેર છે.

(c) રાણી મહેનતી છોકરી છે.

37. દ્વન્દ્વ સમાસની વ્યાખ્યા ઉદાહરણ સહિત આપો.

ભાગ – IV

(25 Marks)

દરેક પ્રશ્નોના જવાબ આપો. **5x5=25**

Answer the following questions.

38. (a) કાવેરી નદીને કૈલાસ પર્વત પરથી કોણ લાવ્યું ? શા માટે ?

અથવા

(b) કવિ શિકારીને કઈ શિખામણ આપે છે ?

39. પત્રલેખન :

(a) તમારી વર્ષગાંઠ પર મિત્રોને આમંત્રિત કરતો પત્ર લખો.

અથવા

(b) ઉલ્લાસ યાત્રાનું વર્ણન કરતો પત્ર તમારા મિત્રને લખો.

40. ગુજરાતીમાં અનુવાદ કરો.

(a) Cleanliness is next to godliness

(b) Tit for tat

(c) All that Glitters is not Gold

(d) Honesty is the best policy

(e) Work is worship

[Turn over

TN Kalvi Online · tnkalvi.online/question-papers/class-10-gujarati-part-iv-public-may-2022 · Source: DGE TN
Share your study materials with us: tnkalvi.online/share

tnkalvi.online

41. નીચે આપેલ ગદ્યાર્થ વાંચી સવાલના જવાબ આપો.

વર્ષની ત્રણ ઋતુઓ છે. શિયાળો, ઉનાળો અને ચોમાસુ. શિયાળાના દિવસો ટૂંકા અને રાત લાંબી હોય છે. શિયાળાની સવાર તાજગીભરી હોય છે. લોકોને વસાણા, ઊધીયું અને જલેબી ખાવાની મજા આવે છે. આ ઋતુમાં આકાશ સ્વચ્છ હોય છે. આ તાજગી આપનારી ઋતુ છે.

(a) વર્ષની કુલ કેટલી ઋતુઓ છે ? નામ લખો.

(b) શિયાળાના દિવસો કેવા હોય છે ?

(c) શિયાળાની સવાર કેવી હોય છે ?

(d) આ ઋતુમાં લોકો શું ખાય છે ?

(e) શિયાળાની ઋતુ કેવી છે ?

42. (a) યોગ્ય જોડકાં જોડો :

(i)	ધ્રુવ	–	એકતાની પ્રતિમા
(ii)	હાર્ડી	–	ભૂખથીય ભૂંડી ભીખ
(iii)	કાળુ	–	કાવેરી
(iv)	કુર્ગ	–	બહેન સૌની લાડકી
(v)	વલ્લભભાઈ પટેલ	–	શ્રીનિવાસ રામાનુજન

અથવા

(b) મિનાક્ષી મંદિર પર ટૂંકનોંધ લખો.

ભાગ – V

(**24 Marks**)

નીચે આપેલ પ્રશ્નોના જવાબ લખો. **3x8=24**

Answer the following questions.

43. (a) 'દીકરી' કાવ્ય લખો.

અથવા

(b) 'વૈષ્ણવજન' કાવ્યની પ્રથમ દસ પંક્તિ લખો.

TN Kalvi Online · tnkalvi.online/question-papers/class-10-gujarati-part-iv-public-may-2022 · Source: DGE TN
Share your study materials with us: tnkalvi.online/share

tnkalvi.online

44. (a) નિબંધ લખો : 'મારી પ્રિય નેતા' અથવા 'વૃક્ષોનું મહત્વ'

અથવા

(b) દુકાળની ભયાનકતાનું વર્ણન કરો.

45. (a) નીચે આપેલ ગદ્યાર્થનું સંક્ષિપ્તિકરણ કરો.

વિનાયક એક પંદર વર્ષનો અનાથ છોકરો હતો. તે અનાથાશ્રમમાં રહેતો હતો. તે રોજ સવારે બગીચામાં છોડોને પાણી થી સિંચતો હતો અને ત્યારબાદ ભણવા બેસતો હતો. વિનાયક દસ માઈલ ચાલીને શાળાએ જતો હતો. તે ખૂબજ હોશિયાર અને વિવેકી છોકરો હતો. તે ખૂબજ મિલનસાર હતો. બધા શિક્ષકો અને બીજા વિદ્યાર્થીઓ તેને ખૂબજ પ્રેમ કરતા હતા.

અથવા

(b) અર્થવિસ્તાર કરો.

હું મારી માટીનો જાયો, હું ગુર્જર અવતાર
મારે શિર ભારતમાતાની આશિષનો વિસ્તાર

- o O o -

TN Kalvi Online · tnkalvi.online/question-papers/class-10-gujarati-part-iv-public-may-2022 · Source: DGE TN
Share your study materials with us: tnkalvi.online/share

tnkalvi.online